જ્ઞાન • પ્રેરણા • સમર્પણ

# કૃત સંકલ્પ

Vol.16-17* Issue : 487, 20th July - 2023* કુલ પાના ૨૦* અંક કિંમત રૂા. - ૫.૦૦


## આમપ્રજાની કમર તોડતી મોંઘવારી




"હમ અદાની કે હૈં કૌન ?"

કહો દુશ્મનને દરિયાની જેમ હું પાછો જરૂર આવીશ,
એ મારી ઓટ જોઇને કિનારે ઘર બનાવે છે...

કર્ણાટકમાં કોંગ્રેસ સરકારની છત્રછાયામાં મહિલાઓની આઝાદીની 'ફ્રી ટિકિટ'



# સ્વ. શ્રી માધવસિંહ સોલંકીની

## જન્મજયંતિ નિમિત્તે
## શત્ શત્ વંદન

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

**સંપાદક અને પ્રકાશક**
વિજય દવે

**સહ સંપાદક**
ડો. મનિષ દોશી

RNI No. : 70957/1998
L-5/131/GAMC/1720/2021-23
**વર્ષ : ૧૬-૧૭**
**સળંગ અંક : ૪૮૭**
**20, Julay - 2023**

**રજિ. કાર્યાલય**
**કૃત સંકલ્પ ટ્રસ્ટ,**
મંગલપ્રભાત બિલ્ડિંગ,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ પાસે, મિરઝાપુર,
**અમદાવાદ**
E-mail : krutsankalp2015@gmail.com
**લવાજમ : વાર્ષિક રૂ.૨૫૦, દ્વિવાર્ષિક : રૂ.૪૫૦**

**ટાઈપ સેટિંગ-લેઆઉટ :**
વિજય સોલંકી, મનોજ પાટીલ

**મુદ્રક :** પાયલ પ્રિન્ટર્સ, ઈન્કમટેક્સ,
આશ્રમરોડ, અમદાવાદ.

# પ્રમુખશ્રીનો સંદેશ



**"સબ સલામત"**ની ગુલબાંગો પોકારતી ગુજરાતની ભાજપ સરકારના દાવાઓ ફરી એકવાર પોકળ પુરવાર થયા છે. સુરેન્દ્રનગરના સમઢિયાળા ગામમાં ડબલ મર્ડરની જઘન્ય ઘટનાએ ભાજપ સરકારની પોલ ઉઘાડી પાડી દીધી છે. બે સગા ભાઈઓની હત્યા થઈ તે પૂર્વે પીડિત પરિવારે રાજ્યના ગૃહમંત્રીને લેખિતમાં પોલીસ રક્ષણ માગ્યું હતું, પરંતુ તેમ છતાં પોલીસ રક્ષણ આપવામાં નહીં આવતા આખરે બંને સગા ભાઈઓને ધોળા દિવસે રહેંસી નાખવામાં આવ્યા હતા. જો ગૃહમંત્રીએ ગુજરાત પોલીસને આદેશ આપ્યો હોત અને થોડી સતર્કતા દાખવવામાં આવી હોત તો આ બંને ભાઈઓની જિંદગી બચી ગઈ હોત. આ ઘટનાએ પુરવાર કરી દીધું છે કે, ગુજરાતમાં ભાજપના શાસનમાં સામાજિક સમરસતા ડહોળાઈ રહી છે.

એક બાજુ રાજ્ય અને દેશમાં કાયદો વ્યવસ્થાના લીરેલીરા ઉડી રહ્યા છે, તો બીજી બાજુ દેશમાં મોંઘવારીએ માઝા મૂકી છે. છેલ્લા નવ વર્ષથી દેશનો જેટલો વિકાસ અન્ય ક્ષેત્રમાં નથી થયો, તેનાથી અનેકગણો વિકાસ મોંઘવારીનો થયો છે. એકબાજુ શાકભાજી અને કઠોળના ભાવ આસમાને પહોંચ્યા છે તો બીજી બાજુ હવે જ્યારે તહેવારોની સિઝન શરૂ થઈ છે ત્યારે જ સિંગતેલના ભાવમાં ભડકો થયો છે. સિંગતેલના ડબાનો ભાવ રૂ.૩૦૦૦ને વટાવી ગયો છે. આ અગાઉ ટામેટાંના રેકોર્ડબ્રેક ભાવે ગૃહિણીઓનું બજેટ ખોરવી નાખ્યું છે. મોંઘવારી સામે ભાજપની આંખ ઉઘડતી નથી અને વડા પ્રધાન સહિત ભાજપના તમામ નેતાઓ મોંઘવારી મામલે મોંઘવારી સામે મૌન ધારણ કરીને બેઠા છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી ડો.રઘુ શર્માને ૨૬ જુલાઈના રોજ તેમના જન્મદિન નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ. ૨૭ જુલાઈએ દેશના પૂર્વ રાષ્ટ્રપતિ અને મિસાઈલમેન મહા મહિમ દિવંગત ડો.એ.પી.જે. અબ્દુલ કલામની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ. સાહિત્ય અને સંસ્કારપ્રેમી એવા કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ગુજરાતના પૂર્વ મુખ્યપ્રધાન દિવંગત માધવસિંહભાઈ સોલંકીને ૩૦ જુલાઈએ તેમની જન્મ જયંતિએ શ્રદ્ધાસુમન સાથે નમન. ૩૧ જુલાઈએ કોંગ્રેસના ટોચના નેતા અને ગુજરાતના પૂર્વ મુખ્યપ્રધાન અમરસિંહભાઈ ચૌધરીની જન્મ જયંતિએ તેમને શ્રદ્ધાંજલિ સાથે વંદન.

જય જય ગરવી ગુજરાત...


**શક્તિસિંહ ગોહીલ**
પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



લખવું એ ધોમધખતા તાપમાં ડામરની સડક બનાવવા માટે જે મજૂરી કરવી પડે તેના કરતાય વધારે મહેનત માંગી લેતું કામ છે. - **નવલકથાકાર જોનગ્રિશમ**


BY
ROHIT
KABADE


वैलकम होम
कितने में बिक
कर आए
विधायक
© काजलकुमार


THANK YOU FOR
THIS CHANCE TO WORK
FOR DEVELOPMENT!
SATISH
ACHARYA
NCP LEADER
AJIT PAWAR


अच्छे
दिन
काहे के अच्छे-दिन
सिर्फ 'दाढ़ी'
बढ़ रही है
'रोजगार' नहीं..
रोजगार
दो!
www.molitics.in


नेताजी, आज आप बेझिझक भाषण दो!
टमाटर के दाम 100 रु किलो हो चुके
है. कोई टमाटर नही फेंकेगा!
?!
कच्चे
दिन


KERALA
STORY!
MANIPUR
MANIPUR!
MANIPUR!
KARNATAK
SATISH
ACHARYA

# આમપ્રજાની કમર તોડતી મોંઘવારી

**હોલસેલમાં મળતાં શાકભાજી કઈ રીતે છૂટક માર્કેટમાં ડબલ કિંમતના થઈ જાય છે ? નવાઇની વાત એ છે કે સરકાર પહેલાં મોંઘવારી પર કાબૂ કરી શકતી હતી, ત્યાર પછી વિકાસના નામે લોકો પર કરવેરાના બોજ વધારે છે અને પછી મફત રાશનની લાઈનમાં ઊભા રાખી દે છે**

**દેશમાં** મોંઘવારીએ ઊંચી છલાંગ લગાવી છે, ચોતરફ વિવિધ રૂપે-સ્વરૂપે એની બૂમાબૂમ જોવા મળે છે. આ માત્ર ભાજપ સરકારના છેલ્લાં નવ વર્ષનાં સરવૈયાનું પરિણામ છે. કેટલીક યોજનાઓ દ્વારા અને છૂટક પ્રયાસો દ્વારા પ્રજાહિતનાં કામો થયા હોય તોય એનો સરવાળો સરખો બેસતો નથી. દરેક પરિવારનો મોભી મુંઝાયેલો છે, કુટુંબની આવક સ્થિર છે અને ખર્ચ વધતાં જ જાય છે.




અર્થશાસ્ત્રીઓએ છેલ્લે કરેલા 'ઇન્ડિયન એક્સપેન્ડિચર'ના સર્વેક્ષણોમાં હકીકત એ છે કે અનેક પ્રકારનાં ખર્ચમાં ગ્રામીણ અને શહેરી ભારતનો ખર્ચ સમાન છે. ગ્રામ્ય વિસ્તારોમાં પારિવારિક ખર્ચની પડતર બહુ નીચી આવે છે એ માન્યતા દેશની સરેરાશે સાચી ઠરતી નથી. આપણે ત્યાં એવા પણ રાજ્યો છે કે જેના ગ્રામ્ય વિસ્તારોમાં પારિવારિક ખર્ચ વધુ ઊંચી સરેરાશે પહોંચે છે. પરિવારની બચતો ભેખડની જેમ ધસી પડવાથી, તૂટી પડવાથી પ્રજાની કેડ ભાંગી ગઈ છે. બચતો પરના વ્યાજ ઘટી રહ્યાં છે, ભાજપ સરકારે નાની બચતોનો કેન્દ્રમાં સત્તા પર આવતાવેંત જ મૃત્યુઘંટ વગાડેલો છે. આજે એ દુર્ઘટનાને નવ વર્ષ પૂરા થયાં છે. બચતો ઘટી એ તો ઠીક છે, જૂની બચતો પણ હવે ભંગાણના આરે આવવા લાગી છે. બજારમાં મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગના લોકો જૂની બચતોને તોડતા જોવા મળે છે. મોંઘવારી જ્યારે એની પરાકાષ્ઠાએ હોય છે ત્યારે દેખાતાં આ લક્ષણો છે. મોંઘવારીને કારણે ગૃહસ્થને એની માસિક ખર્ચની જવાબદારી પ્રત્યે કમ-સે-કમ વૈરાગ્ય ન આવી જાય તે જોવાની જવાબદારી સરકારની છે. બેરોજગારી એ હકીકત છે.

સમગ્ર દેશમાં મોંઘવારી માઝા મૂકી રહી છે. ટામેટાં રૂ.૧૬૦ થી ૨૦૦ પહોંચ્યા બાદ હવે આદુ રૂ. ૨૫૦ થી ૩૦૦, લસણ રૂ.૨૨૦ તથા જે લીલા મરચાં રૂ.૪૦ના કિલો મળતા હતાં તેની કિંમતમાં એકાએક ચારથી પાંચ ગણો વધારો થઈ ગયો છે. કોથમીર રૂ.૨૨૦, ફણસી રૂ.૧૮૦, રીંગણ રૂ.૮૦ આમ જોવા જઈએ તો આદુ, મરચાં, ટામેટાં અને કોથમીરના ભાવ ભડકે બળે છે, ભાવ આસમાને છે. ઘણી રેસ્ટોરન્ટોએ સેલડ બંધ કર્યા છે. ગૃહિણીઓ કઈ શાકભાજી પર કાપ મૂકે ? ગલકાં, વાલોળ,

પાપડી, ફુદીનો, ભુટ્ટા, દેશી કાકડી, કારેલાં, ચોળી, ફલાવર, મેથીની ભાજી, ગવાર, પરવળ, લીંબુ દરેક શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. ફક્ત બટાકાં અને ડુંગળી જ રૂ.૩૦ની કિલો છે. તેનાં ભાવ ક્યારે વધશે તે નક્કી નથી. એવું કહેવાય છે કે આગામી દિવસોમાં બટાકાં અને ડુંગળીની કિંમતો પણ આસમાને પહોંચી શકે છે.

મોંઘવારી કાળમાં લીલાં શાકભાજી સાથે કઠોળનાં ભાવ પણ વધ્યા છે. જુવાર રૂ.૫૫, બાજરી રૂ.૪૦, સફેદ ચોખા રૂ.૧૩૦, ઘઉં રૂ.૪૨, મગ રૂ.૧૭૦, તુવેરદાળ રૂ.૧૨૫-૧૭૦, અડદ દાળ રૂ.૧૨૦-૧૫૦, ચણાની દાળ રૂ.૬૪-૯૦, દેશી ચણા રૂ.૬૫, કાબુલી ચણા રૂ.૧૧૦-૧૭૫, રાજમા રૂ.૧૦૦-૧૭૦, મગની ફોતરાવાળી દાળ

**'વિપક્ષને નાબૂદ કરવાની માનસિકતા' દેશને માટે નુકસાનકારક છે, વિપક્ષ વગર લોકશાહી શક્ય નથી, અત્યારના રાજકારણમાં જ્યારે પણ 'સેવા' શબ્દ બોલવામાં આવે છે ત્યારે સ્વાર્થની ગંધ આવે છે...**

રૂ.૯૦-૧૪૦, મોગરદાળ રૂ.૯૦-૧૪૦, મસુર દાળ રૂ.૮૦-૧૨૦ તથા લાલ ચોખાનો ભાવ રૂ.૧૦૦-૧૮૦ થઈ ગયો છે.

મોંઘવારીના ચારે બાજુના મારથી હવે સામાન્ય માણસની સ્થિતિ કફોડી બની રહી છે. ટામેટાં અને કોથમીર સામાન્ય લોકોની પહોંચથી દૂર થવા લાગ્યા છે. ઘઉંના ભાવમાં વધારો થતાં તેની સીધી અસર દરરોજના ભોજન પર પડી રહી છે. સામાન્ય દિવસોમાં ઘઉંનો લોટ રૂ.૨૮ થી ૩૦નો કિલો મળતો હતો, તે હાલ રૂ.૪૨નો કિલો મળી રહ્યો છે, જેને લીધે હોટલોમાં રોટલી અને પુરીના ભાવમાં પણ વધારો કરી દેવાયો છે. સરકારી ઘઉંના લોટના ભાવ રૂ.૩૯, જ્યારે નામાંકિત કંપનીઓના લોટના ભાવ રૂ.૫૨ થી રૂ.૬૮ સુધી વેચાણ કરી રહ્યા છે. છૂટક ખાંડ મોટો દાણો રૂ.૪૪ કિલો અને કંપનીની ખાંડ રૂ.૫૫ થી રૂ.૬૦ કિલો કરી દેવાઈ છે.

લીલાં શાકભાજીના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓએ કઠોળ ખાવાનું ચાલુ કર્યું હતું. તેવામાં કઠોળના ભાવ પણ પ્રતિકિલો રૂ.૪૦થી વધારેનો અસહ્ય વધારો થઈ જવાથી ભાણામાંથી કઠોળ ખાવાનું પણ ગાયબ થઈ ગયું છે. ઘઉંના લોટના ભાવો વધતાં થાળીમાં રોટલી અને પુરીની સાઇઝ નાની અથવા સંખ્યા ઓછી કરવામાં આવી છે.

મોંઘવારી કાળમાં લીલાં શાકભાજી, લીલો મસાલો, કઠોળના ભાવ આસમાને પહોંચતાની સાથો સાથ ફળોના ભાવમાં પણ મોંઘવારી વધી ગઈ છે. કેળા રૂ.૭૫ ડઝન, દાડમ રૂ.૨૬૦ કિલો, તડબૂચ રૂ.૩૫, ચીકુ રૂ.૧૫૦, પાઈનેપલ રૂ.૬૦, રોયલ ગાલા સફરજન રૂ. ૨૫૦, લીચી રૂ. ૨૮૦ કિલો, ગોલ્ડન કીવી ત્રણ નંગના રૂ.૧૮૦ થઈ ગયા છે. ચાલુ વર્ષે સફરજનનું ઉત્પાદન છેલ્લા પાંચથી છ વર્ષમાં સૌથી ઓછું થવાની ધારણા છે. સફરજનના ઉત્પાદનમાં ઘટાડો થતા આ વર્ષે તેના ખેડૂતોને વધુ ભાવ મળી શકે છે. આ વર્ષે ખેડૂતોને સફરજનના બોક્સ (૨૨-૨૪ કિલો) દીઠ સરેરાશ રૂ.૨૦૦૦ થી ૨૨૦૦નો ભાવ મળી શકે છે. ગત વર્ષે સરેરાશ રૂ.૧૨૦૦-૧૬૦૦ પ્રતિ બોક્સનો ભાવ મળ્યો હતો.

આમ દેશમાં મોંઘવારીએ માઝા મૂકી છે. છેલ્લા નવ વર્ષથી દેશનો જેટલો વિકાસ અન્ય ક્ષેત્રોમાં નથી થયો તેનાથી અનેકગણો વિકાસ મોંઘવારીનો થયો છે. શાકભાજીની આવક પૂરતી હોય છે છતાં ભાવ વધારો કેવી રીતે થાય છે ? તેનું ગણિત કોઈની પાસે નથી. હોલસેલમાં મળતા શાકભાજી કઈ રીતે છૂટક માર્કેટમાં ડબલ કિંમતના થઈ જાય છે ? નવાઈની વાત એ છે કે સરકાર પહેલાં મોંઘવારી પર કાબુ કરી શકતી હતી, ત્યાર પછી વિકાસના નામે લોકો પર કરવેરાના બોજ વધારે છે અને પછી મફત રાશનની લાઈનમાં ઊભા રાખી દે છે. વિકાસનું આ મોડલ મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગના પરિવારોના આર્થિક વિનાશનું મોડલ બની ગયું છે.

રૂ.૩૫માં મળી શકે તેવું ડીઝલ રૂ.૯૨ અને પેટ્રોલ રૂ.૯૬.૫૦નો ભાવ ઘણા સમયથી સ્થિર છે. હવે મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગને બજેટ જેવું કે ગણતરીઓ જેવું રહ્યું જ નથી. પ્રજા મહેનત રીને ઈન્કમટેક્ષ ભરે, જીએસટી ભરે, અન્ય ટેક્ષ ભરે અને આજીવન કમાતી રહે છતાં દેવા ભરતી રહે. ગરીબો આજીવન રાશનની લાઈનોમાં ઊભા રહે અને સત્તાધિશો મફત રાશન આપવાના પોસ્ટરો છપાવીને દુનિયાની સૌથી વધુ સેવા કરવાની વાહવાહી મેળવે છે. વિકાસના પોસ્ટરો ચોંટાડવાથી વિકાસ થતો નથી. આ પોસ્ટરોથી પ્રજાની પીડા ઓછી થવાની નથી. સરકારે ઉદ્યોગપતિઓને વધુ સમૃદ્ધ કરવાની લાહ્યમાં પ્રજાને વધારે બેહાલ કરવાના બદલે યોગ્ય આયોજન અને મક્કમ પગલાં લઈ મોંઘવારીને કાબુમાં લેવી જોઈતી હતી, જેમાં આ સરકાર નિષ્ફળ ગઈ છે.

દેશમાં બેરોજગારીનો દર જૂનમાં ૮ ટકાથી વધી ગયો છે. આ વર્ષે ત્રીજીવાર બેરોજગારી દરમાં વધારો થયો છે. આનું કારણ ગ્રામીણ વિસ્તારોમાં રોજગારી ઘટી તે છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમીના અહેવાલ મુજબ દેશમાં મે મહિનામાં બેરોજગારી દર ૭.૬૮ ટકા હતો, તે વધીને જૂનમાં ૮.૪૫ ટકા થઈ ગયો છે. મે પહેલાં શહેરી વિસ્તારોમાં આ આંકડો ૭.૮૭ ટકા હતો જ્યારે ગામડાંઓમાં ૮.૭૩ ટકા હતો. ગ્રામ્ય ભારતમાં બેરોજગારીના આંકડા છેલ્લા બે વર્ષમાં સૌથી વધુ છે. ગ્રામીણ વિસ્તારોમાં દેશની આશરે બે તૃતિયાંશ વસતી રહે છે. શ્રમ બજારમાં સતત નબળાઈ ૨૦૨૪ની ચૂંટણીને પડકારજનક બનાવી શકે છે. વર્તમાન વર્ષમાં સતત ત્રીજીવાર એકંદર બેરોજગારીનો આંક વધી ૮ ટકાને પાર કરી ગયો છે.

તાજેતરના મહારાષ્ટ્રના રાજકીય ખેલને કારણે દેશની લોકશાહીનું વધુ એકવાર વસ્ત્રાહરણ થયું. માનસિકતા એ છે કે દરેક નડતી બાબતોમાં તેઓ છટકબારી શોધી કાઢે છે, તેમ પક્ષાંતર ધારામાં પણ હવે દમ રહ્યો નથી. કરૂણતા એ છે કે વિશ્વની સૌથી મોટી લોકશાહીના રાજકારણમાં ગુણવત્તા કે નૈતિકતા રહી હોય તેમ લાગતું નથી. ‘વિપક્ષને નાબૂદ કરવાની માનસિકતા’ દેશને માટે નુકસાનકારક છે. વિપક્ષ વગર લોકશાહી શક્ય નથી. અત્યારના રાજકારણમાં જ્યારે પણ ‘સેવા’ શબ્દ બોલવામાં આવે છે ત્યારે સ્વાર્થની ગંધ આવે છે. ભારતના રાજકારણમાં લોકશાહીનું અવમૂલ્યન થઈ રહ્યું છે. રાજકારણની શુદ્ધિ બાબતની અપેક્ષા વાંઝણી સાબિત થઈ શકે છે. ‘ચાણક્ય’ના નામે કરવામાં આવતા ઉલ્લેખથી સાચો ચાણક્ય બદનામ થાય છે. જો ચાણક્ય આજે જીવતા હોત તો તે બદનક્ષીનો દાવો કરત અથવા આપઘાત કરત. મહારાષ્ટ્ર પછી બિહારનો વારો- જેવા વાક્યો સાંભળીને કંપારી છૂટી જાય છે. ■

**અને છેલ્લે :** ● માણસના જન્મથી મૃત્યુ સુધી જીએસટી ચૂકવવો પડે છે. ● અમેન્ડમેન્ટ્સથી ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન બીલ ૨૦૨૨માં સેકશન-૩૦ અમેન્ડમેન્ટ્સનું છે. તેમાં (૧) ધ ઇન્ફર્મેશન ટેકનોલોજી એક્ટ-૨૦૦૦ (આઇટી એક્ટ) એક્ટમાં અમેન્ડમેન્ટ કરી સેકશન ૪૩-એ દૂર કરવામાં આવી છે, આ ઉપરાંત ક્લોઝ (ઓબી) સબ સેકશન (૨) સેકશન ૮૭ દૂર કરાઈ છે. આ ઉપરાંત સેકશન ૮૧ના પ્રોવિઝનોમાં ‘ઓફ ધ ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન, એક્ટ-૨૦૨૨ શબ્દો ઉમેરવામાં આવ્યા છે. (૩) રાઈટ ટુ ઇન્ફર્મેશન એક્ટ-૨૦૦૫માં ક્લોઝ ૮-(આઈ) (જે)માં ઉમેરો કરાયો છે તથા ૮-(આઈ) (જે)ના પ્રોવિઝનો દૂર કરાયા છે જે તે કાયદામાં ફેરફારને બદલે બીજા કાયદામાં અમેન્ડમેન્ટ કરીને આ બીલ બહુ જ હોંશિયારીપૂર્વક રજૂ થશે. અમદાવાદ તેલ બજારમાં સિંગતેલ લેબલ ટીનના ભાવ રૂ.૩૨૦૦ પહોંચી ગયા છે. ● કન્ઝ્યૂમર પ્રાઈસ ઇન્ડેક્ષ (સીપીઆઈ) આધારિત રીટેલ ફુગાવો જૂન-૨૦૨૩માં ૪.૮૧ ટકા થયો છે. જે મે ૨૦૨૩માં ૪.૩૧ ટકા હતો. જૂનમાં ખાદ્ય વસ્તુઓનો ફુગાવો ૪.૪૯ રહ્યો હતો. ● મહારાષ્ટ્રના ચાર ધારાસભ્યોને ભ્રષ્ટાચારના કેસ ચાલતા હોવા છતાં, ઇડી તપાસ ચાલુ હોવા છતાં પ્રધાન બનાવવામાં આવ્યા છે. ભ્રષ્ટાચારીઓ પર પ્રહાર કરનારાએ જ તેમને પ્રધાનો બનાવ્યા છે. ■

# “હમ અદાની કે હૈં કૌન ?”

# વડા પ્રધાન શેખ હસીના પર અદાણી પાવર માટે અત્યંત અનુકૂળ શરતોનો સ્વીકાર કરવા માટે દબાણ કર્યું હતું

## વડા પ્રધાન અદાણી અને તેમના અધિકારીઓ સાથે કેટલીવાર વિદેશ ગયા છે ? વિદેશ પ્રવાસ પર કેટલીવાર અદાણી કે તેમના અધિકારીઓ વડા પ્રધાનનાં પ્રવાસ પહેલાં કે પાછળથી તેમની સાથે જોડાયા હતા ?

**(પ્રકરણ-૬)**

પ્ર.૫૧ : ૨૦૧૮માં ભારતીય સેનાનાં ઉપયોગ માટે જૂની પુરાણી થઈ ચૂકેલ સબ મશીનગનને બદલવા માટે સંયુક્ત આરબ અમિરાત સ્થિત કારાકલ ઈન્ટરનેશનલ દ્વારા ઉત્પાદિત સી.એ.આર.૮૧૬ ક્લોઝ ક્વાર્ટર બેટલ (સી.ક્યુ.બી.) કાર્બાઇનની પસંદગી કરવામાં આવી હતી. આ એ ‘ફાસ્ટ ટ્રેક પ્રોસિજર’ હેઠળ કરવામાં આવ્યું હતું જેના અંતર્ગત ૭૨,૪૦૦ એસ.આઈ.જી. સૌર-૭૧૬ એસોલ્ટ રાઈફલની ખરીદી કરવામાં આવી હતી, પરંતુ સપ્ટેમ્બર-૨૦૨૦માં ૯૩,૮૯૫ કાર્બાઇન ખરીદવાનો ઓર્ડર અચાનક રદ્દ કરવામાં આવ્યો હતો. ૧૦, ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ સેનાએ ફરી એકવાર આટલા જ પ્રમાણમાં કાર્બાઇન ખરીદવા માટે અદાણી ડિફેન્સ સહિત અન્ય વેન્ડરોને અનુરોધ કર્યો હતો. એ વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને કે ચીની ઘૂસણખોરીના પગલે પૂર્વીય લદ્દાખમાં આપણાં સૈનિકોને તત્કાળ આ શસ્ત્રોની જરૂર પડી શકે છે, શું તમે આ કરારને રદ્દ કરીને નવેસરથી ટેન્ડર ખોલીને આપણાં સૈનિકોના ભોગે તમારા મિત્રોને પ્રાથમિકતા આપી રહ્યા નથી ? આ વખતે જેની કુલ જરૂર ચાર લાખ બંદૂકોની હોવાનું અનુમાન છે એવા કાર્બાઇનનાં સપ્લાયને લઈને શું આપે ફરી એકવાર અદાણીને એક વધુ ઈજારાશાહી સ્થાપિત કરવાનો માર્ગ મોકળો કરી રહ્યાં નથી ?




પ્ર.૫૨ : ૩, માર્ચ-૨૦૧૯ના રોજ આપે અમેઠી (ઉત્તરપ્રદેશ)માં ઓ.એફ.બી. કોરવા ફેક્ટરીમાં એકે-૨૦૩ એસોલ્ટ રાઈફલ બનાવવા માટે એક ભારત-રશિયા સંયુક્ત સાહસનું ઉદ્ઘાટન કર્યું હતું અને જાહેરાત કરી હતી કે હવે ‘મેક ઈન અમેઠી’ એક

વાસ્તવિકતા છે. એ વાત અલગ છે કે, એકે-૨૦૩ એસોલ્ટ રાઈફલનું ઉત્પાદન શરૂ કરતાં ત્રણ વધુ વર્ષ લાગ્યા હતાં. આશ્ચર્યની વાત એ છે કે, ૭ લાખ એકે-૨૦૩ રાઈફલ બનાવનાર ઈન્ડો રશિયન રાઈફલ્સ પ્રા.લિ. (આઈ.આર.આર. પી.એલ.)ને સિક્યુબી કરાર પર સંરક્ષણ મંત્રાલયના ૧૦, જાન્યુઆરી-૨૦૨૩ના બ્રિફીંગથી બહાર રાખવામાં આવી હતી. તમે હંમેશા સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાના મહત્વનું ગાણું ગાયે રાખો છો તેમ છતાં તમારી સરકારે ભારતની સૌથી મોટી સ્વદેશી લઘુશસ્ત્રોની ફેક્ટરીને બોલી લગાવવાની પ્રક્રિયામાંથી બહાર કરી દીધી છે. શું આવું એટલા માટે કરવામાં આવ્યું છે કે તેનાથી તમે ફરી એકવાર એ જાહેર ક્ષેત્રના સાહસોને લુપ્ત કરવામાં તમારા ખાનગી ક્ષેત્રના મિત્રોની મદદ કરી રહ્યા છો જેઓ વર્તમાનમાં મોટાપાયે સશસ્ત્ર દળોને શસ્ત્રોનો સપ્લાય કરી રહ્યા છે ? શું આપને એ વાતની ચિંતા છે કે, મોટાપાયે નાના શસ્ત્રોનું ઉત્પાદન કરનાર એક વર્તમાન ફેક્ટરી તમારા નિકટના મિત્રોને પાછળ રાખી દેશે અને તેમને ભારતીય કરદાતાઓના નાણાંનો લાભ ઉઠાવવાની એક વધુ તકથી વંચિત કરી દેશે ?

પ્ર.૫૩ : ભારતીય સશસ્ત્ર દળો લાંબા સમયથી ટેવર એસોલ્ટ રાઈફલ અને ગેલીલ સ્નાઈપર રાઈફલ જેવા ઈઝરાયલના નાના શસ્ત્રોથી સજ્જ છે. માર્ચ-૨૦૨૦માં ઈઝરાયલ વેપન્સ ઈન્ડસ્ટ્રીઝે (આઈ.ડબલ્યુ.આઈ) ૧૬,૪૭૯ મેગેવ એનજી-૭ લાઈટ મશીનગનનાં સપ્લાય માટે ભારતીય સેના સાથે કરાર કર્યો હતો. સપ્ટેમ્બર-૨૦૨૦માં અદાણીએ ગ્વાલિયર સ્થિત પી.એલ.આર. સિસ્ટમમાં મહદઅંશે હિસ્સો ખરીદ્યો હતો જેનું આઈ.ડબલ્યુ.આઈ. સાથે એક સંયુક્ત સાહસ હતું જેણે અદાણીને નેગેવ મશીનગન માટે પાછળથી પ્રાપ્ત થનારા કોઈ પણ આદેશ પર ઈજારાશાહી પ્રાપ્ત કરવાની સ્થિતિમાં પહોંચાડી દીધી હતી. દલીલને ખાતર એવું માની લઈએ કે આઈ.આર.આર.પી.એલ.ને આ ક્ષેત્રમાં નવા ઉદ્યોગ સાહસિકોની મદદ માટે બહાર રાખવામાં આવેલ છે તો પછી તમારા નિકટના મિત્ર અદાણીને સી.ક્યુ.બી. કરાર માટે બોલી લગાવવાની મંજૂરી કેમ આપવામાં આવી રહી છે ? શું આ ઘોર પક્ષપાત નથી ?

પ્ર.૫૪ : એક ન્યૂઝ રિપોર્ટ દ્વારા એવું જાણવા મળ્યું છે કે મોરેશિયસ સ્થિત એલારા ઈન્ડિયા અપોર્ચ્યુનિટીઝ ફંડ બેંગલુરૂ સ્થિત સંરક્ષણ ફર્મ આલ્ફા ડિઝાઈન ટેકનોલોજીની સહમાલિક છે. તેમાં અદાણી ડિફેન્સ સિસ્ટમ્સ એન્ડ ટેક્નોલોજી ૨૬ ટકા તેમજ એલારા ફંડની ૨૫.૬૫ ટકા ભાગીદારી સીધી અને એક મધ્યસ્થ ફર્મના માધ્યમથી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડિસેમ્બર-૨૦૨૨ સુધી એલારા ઈન્ડિયા અપોર્ચ્યુનિટીઝ ફંડની પાસે રૂ.૨૪,૬૦૦ કરોડની ઈક્વિટી હતી જેમાં અસાધારણ રીતે ૯૯ ટકા - રૂ.૨૪,૩૩૫ કરોડ - ત્રણ કંપનીઓ - અદાણી એન્ટરપ્રાઈઝીસ, અદાણી ટ્રાન્સમિશન અને અદાણી ટોટલ ગેસમાં રોકાણ કરવામાં આવ્યા હતાં. આલ્ફા ડિઝાઈન ભારતીય સશસ્ત્ર દળો અને ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) માટે ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમ્સ, રડાર, ઓપ્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન નેટવર્કનું નિર્માણ થાય છે. શું એક અપારદર્શી ઓફશોર ફંડ કે જેના વાસ્તવિક માલિક અજ્ઞાત છે, ને એક સંવેદનશીલ ડિફેન્સ ફર્મમાં આટલી મોટી ભાગીદારી રાખવાની મંજૂરી આપી શકાય ? જેમ આક્ષેપ થયો છે તે મુજબ જો આ ફંડ વિનોદ અદાણી અને તેમના સહયોગીઓ માટે એક સ્ટોક પાર્કિંગ યુનિટ હોય તો શું સરકારે તેના સ્રોત અંગે સંપૂર્ણ પારદર્શિતાની માગણી કરવી જોઈએ નહીં ?

પ્ર.૫૫ : આ ઉપરાંત અન્ય પણ કેટલીક ચિંતાજનક

**(અનુસંધાન પાન ૧૨ પર)**


શ્રી ચામુંડા માતાજી ડુંગર ટ્રસ્ટ, ચોટીલા
આપનું હાર્દિક સ્વાગત કરે છે.
M: 85300 07000








બહાર
ભાઈઓ માટે













**ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી શક્તિસિંહ ગોહિલે કાર્યકર્તાઓ સાથે જગત જનની 'મા' ચામુંડાના પવિત્ર ડુંગર પર શીશ ઝુકાવી ગુજરાતીઓના સુખ, શાંતિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.**

**(હમ અદાની કે હૈં કૌન પાન ૯થી ચાલુ)**

બાબતો છે. ચીની નાગરિક ચાંગ ચુંગ-લિંગ વિનોદ અદાણી સાથે અદાણી ગ્રૂપની અનેક કંપનીઓમાં ડાયરેક્ટર રહ્યાં છે. ૨૦૦૫માં ચાંગે સિંગાપોરમાં વિનોદ અદાણી જેવું જ રહેણાંક સરનામું જાહેર કર્યું હતું. તેઓ ડાયમન્ડ ટ્રેડિંગ, ઓગસ્ટ-વેસ્ટલેન્ડ કૌભાંડ અને અગાઉ જણાવ્યા મુજબ સંયુક્ત રાષ્ટ્ર સંઘના પ્રતિબંધોનું ઉલ્લંઘન કરવાના આરોપી છે. શું ચીની નાગરિક સાથે શંકાસ્પદ નાણાકીય જોડાણ ધરાવતી વ્યક્તિને વ્યૂહાત્મક સંરક્ષણ કંપનીમાં બેનામી કે અન્ય કોઈ ભૂમિકા ભજવવા માટે મંજૂરી આપી શકાય ખરી ?

પ્ર.૫૬ : અગાઉ જણાવ્યા મુજબ કેતન પારેખ સાથે એલારાના ચિંતાજનક સંબંધો તેને સંરક્ષણ ક્ષેત્રમાં રોકાણ કરવા માટે ગેરલાયક જાહેર કરે છે. કુખ્યાત શેરબજારની પ્રવૃત્તિનો રેકોર્ડ ધરાવનાર એલારાને આલ્ફા ડિઝાઈનમાં રોકાણ કરવા માટે કઈ રીતે મંજૂરી મળી હતી ? શું તમે તમારા મૂડીપતિ મિત્રોના નાણાકીય હિતો માટે ભારતની રાષ્ટ્રીય સુરક્ષાના હિતોની કુરબાની આપી રહ્યાં છો ?

**: શહેરી વિકાસ :**

પ્ર.૫૭ : દુબઈ સ્થિત સિકલિંક ટેક્નોલોજી કોર્પોરેશનને રૂ.૭૨૦૦ કરોડની બોલી સાથે મુંબઈના ધારાવી વિસ્તારનો પુનઃ વિકાસ કરવાનું ટેન્ડર નવેમ્બર-૨૦૧૮માં મળ્યું હતું. રેલવેની જમીનનાં હસ્તાંતરણમાં થયેલા વિલંબને કારણે નવેમ્બર-૨૦૨૦માં આ ટેન્ડર રદ્દ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઓકટોબર-૨૦૨૨માં નવી શરતો સાથે નવું ટેન્ડર જાહેર કરાયું હતું જેમાં અદાણી ગ્રૂપનો રૂ.૫૦૬૯ કરોડની બોલી સાથે વિજય થયો હતો. શું તમે મૂળ વિજેતાની બાદબાકી કરવા અને અદાણી ગ્રૂપની તરફેણ કરવા માટે ટેન્ડરની શરતોમાં ફેરફાર કરવા ભાજપના ટેકાવાળી મહારાષ્ટ્ર સરકારને ફરજ પાડી હતી ?

પ્ર.૫૮ : વડા પ્રધાન અદાણી અને તેમના અધિકારીઓ સાથે કેટલીવાર વિદેશ ગયા છે ? વિદેશ પ્રવાસ પર કેટલીવાર અદાણી કે તેમના અધિકારીઓ વડા પ્રધાનનાં પ્રવાસ પહેલાં કે પાછળથી તેમની સાથે જોડાયા હતા ? અને આ મુલાકાતો બાદ અદાણી ગ્રૂપને કેટલી વખત જુદાં જુદાં કોન્ટ્રેક્ટ મળ્યાં હતાં ?

પ્ર.૫૯ : પોતાનાં પડોશી દેશો સાથે આર્થિક સંબંધો સુદૃઢ કરવાના ઉદ્દેશ્યથી યુ.પી.એ. સરકારે વર્ષ-૨૦૧૦માં જાહેર ક્ષેત્રની કંપની એન.ટી.પી.સી. દ્વારા બાંગ્લાદેશનાં બગેરહાટમાં ૧૩૨૦ મેગાવોટનો થર્મલ પાવર પ્લાન્ટ ખરીદવા માટે એક એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કર્યા હતાં. સત્તારૂઢ થયા બાદ તમે તેના બદલે તમારા 'ડબલ-એ' મિત્રોને મદદ કરવાનો નિર્ણય કર્યો અને ૬, જૂન-૨૦૧૫ના રોજ તમારી ઢાકાની મુલાકાત દરમિયાન એવી જાહેરાત કરાઈ હતી કે અદાણી પાવર અને રિલાયન્સ પાવર બાંગ્લાદેશને વીજ પુરવઠો પૂરો પાડવા માટે થર્મલ પાવર પ્લાન્ટનું નિર્માણ કરશે. શું એ વાત સાચી છે કે, તમે તમારા સમકક્ષ વડા પ્રધાન શેખ હસીના પર અદાણી પાવર માટે અત્યંત અનુકૂળ એવી શરતોનો સ્વીકાર કરવા માટે દબાણ કર્યું હતું અને બાંગ્લાદેશ માટે આ શરતો પ્રતિકૂળ હતી તેમજ અદાણીના ગોડ્ડા (ઝારખંડ) વીજળી પ્લાન્ટમાંથી બાંગ્લાદેશને સપ્લાય કરવામાં આવનાર વીજળીનો ખર્ચ તેના પોતાના પ્લાન્ટમાં થતાં વીજળીના ખર્ચથી અનેકગણો વધુ હતો ? શું પડોશી દેશોનાં ભોગે તમે તમારા મિત્રોને વધુ ધનાઢ્ય બનાવવા ભારતની વિદેશ નીતિના હિતોને આગળ ધપાવ્યા હતાં ?

પ્ર.૬૦ : ભારતની જાહેર ક્ષેત્રની માલિકીના એન.ટી.પી.સી. દ્વારા બાંગ્લાદેશના બગેરહાટમાં અગાઉ સ્થપાયેલ રામપાલ પાવર પ્લાન્ટ અદાણીના

ગોડ્ડા પ્લાન્ટ કરતાં વધુ સંતુલિત પાવર પરચેઝ એગ્રિમેન્ટ ધરાવે છે જે ભારતીય અને બાંગ્લાદેશી બંનેના હિતોનું રક્ષણ કરે છે. જાહેર દબાણને કારણે અદાણી પાવરને ગોડ્ડા પ્લાન્ટનાં વધુ મોંઘા પાવર પરચેઝ એગ્રિમેન્ટ માટે પુનઃવિચારણા કરવા ફરજ પાડી હોય તેવું જણાય છે. આથી એ સવાલ ઊભો થાય છે કે, શું અદાણી ગ્રૂપના એજન્ટ તરીકે કાર્ય કરવું અને પોતાનાં પડોશી દેશોના ભોગે પોતાનાં મિત્રોને સમૃદ્ધ બનાવવાની કોશિશ કરવી ભારતના રાષ્ટ્રીય હિતને સુસંગત છે ?

પ્ર.૬૧ : એ વાત જગજાહેર છે કે, તમારા નિકટના મિત્ર ગૌતમ અદાણી તમારી અનેક વિદેશયાત્રાઓ દરમિયાન તમારી સાથે ગયા હતા. ૪-૬, જુલાઈ-૨૦૧૭ દરમિયાન તમારી ઇઝરાયલ યાત્રા બાદ તમે તેમને ભારત-ઈઝરાયલ સંરક્ષણ સંબંધોના સંદર્ભમાં એક લાભ અપાવે તેવી પ્રભાવશાળી ભૂમિકા સોંપી હતી. તમારા આશિર્વાદથી તેમણે ડ્રોન, ઇલેક્ટ્રોનિક્સ, નાના શસ્ત્રો અને વિમાનોની જાળવણી જેવા વિવિધ ક્ષેત્રોમાં ઇઝરાયલી કંપનીઓ સાથે મળીને જુદાં જુદાં સાહસો સ્થાપ્યા છે. જે રીતે અદાણી ગ્રૂપને છેલ્લાં કેટલાંક વર્ષોથી વિદેશી શેલ કંપનીઓ સાથે તેના સંબંધો માટે વિશ્વસનીય આરોપોનો સામનો કરવો પડ્યો છે તેને ધ્યાનમાં રાખતા શું આ પ્રકારનાં મહત્વપૂર્ણ સંરક્ષણ સંબંધોને એક જ શકમંદ ગ્રૂપને સોંપવા આપણાં રાષ્ટ્રીય હિતમાં છે ? શું તમારા અને શાસક પક્ષની સાથે આ કોઈ પારસ્પારિક લેવડ-દેવડનો મામલો છે ?

પ્ર.૬૨ : અદાણી ગ્રૂપે રશિયાની એ વી.ટી.બી. બેન્કનો ઉપયોગ કરીને કેટલાંય સંબંધિત પાર્ટી વ્યવહારો કર્યા છે, જે કેટલાંય વર્ષોથી આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોનો સામનો કરી રહેલ છે. વી.ટી.બી. ૧૪, ઓક્ટોબર-૨૦૧૬ના રોજ ૧૩ અબજ અમેરિકન ડોલરથી ગુજરાતમાં એસ્સારની માલિકીના બંદર અને રિફાઇનરીનાં રોસનેફ્ટ ઓઇલ ખરીદીમાં પણ દેખાઈ હતી. એ સમાચાર પણ હેડલાઈન્સમાં ચમક્યા હતા કે રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદીમીર પુતિન અને આપે આ સોદાને આખરી ઓપ આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. જોકે એક રશિયન વિશ્લેષક રિપોર્ટમાં જણાવાયું છે કે, અમારું એવું અનુમાન છે કે, રોસનેફ્ટ એસ્સાર ઓઇલની કિંમતનું ઓછામાં ઓછું બમણું પેમેન્ટ કરવા સંમત થઈ ગઈ છે.

રસપ્રદ વાત એ છે કે, ૪, સપ્ટેમ્બર-૨૦૧૫ અને ૨૮, ઓક્ટોબર-૨૦૧૬ દરમિયાન જાહેર ક્ષેત્રની કંપનીઓ- ઓ.એન.જી.સી., ઓઇલ ઇન્ડિયા, ઇન્ડિયન ઓઇલ અને ભારત પેટ્રો રિસોર્સિઝ વગેરેએ મળીને રોસનેફ્ટની સહાયક કંપની વેન્કોરનેફ્ટમાં ૪.૨૩ અબજ અમેરિકન ડોલરની કિંમત પર તેનો ૪૯.૯ ટકા હિસ્સો ખરીદ્યો હતો, જેમાં વી.ટી.બી.ની પણ ભૂમિકા હોઈ શકે છે. વેન્કોરનેફ્ટમાં સતત ઘટતું ઉત્પાદન અને સંપત્તિ પર મેનેજમેન્ટનાં કન્ટ્રોલના અભાવને ધ્યાનમાં રાખીને રશિયાના પૂર્વ ઊર્જા નાયબ પ્રધાન વ્લાદીમીર મિલોવે જણાવ્યું હતું કે ભારતીય કંપનીઓએ સ્પષ્ટ રીતે વેન્કોરનેફ્ટના શેરો માટે વધુ પેમેન્ટ કર્યું છે.


આ એક શકમંદ પેટર્ન છે જેમાં જાહેર ક્ષેત્રના એકમો એક તેલની અસ્કયામત માટે એક રશિયન કંપનીને કિંમત કરતા વધુ પેમેન્ટ કરે છે, જેના બદલામાં એક અન્ય ઊર્જા સંપત્તિ માટે રાજકીય રીતે સંકળાયેલી ખાનગી ભારતીય કંપનીને કિંમત કરતા વધુ પેમેન્ટ કરે છે. એસ્સાર લેવડ-દેવડમાં આપની સીધી ભૂમિકાથી એ પ્રશ્ન ઊભો થતો નથી કે શું આપની રાજકીય પ્રવૃત્તિને નાણાંકીય સહયોગ માટે ભારતીય કરદાતાઓનાં નાણાં ખાનગી ભારતીય કંપનીઓના ખિસ્સામાં ટ્રાન્સફર કર્યા હતાં ? ■ **(ક્રમશઃ)**

- ડૉ. જયનારાયણ વ્યાસ

# કહો દુશ્મનને દરિયાની જેમ હું પાછો જરૂર આવીશ, એ મારી ઓટ જોઇને કિનારે ઘર બનાવે છે...

## અમેરિકાના પ્રેસિડન્ટ વુડ્રો વિલસન અને જ્યોર્જ ઇસ્ટમેન જેવી પ્રતિભાઓ દ્વારા કટોકટીના સમયે એને પ્રોત્સાહન આપતા સંદેશા મળ્યા. પણ માણસની સાચી કદર તો એનો હરીફ કે કટ્ટર પ્રતિસ્પર્ધી જ્યારે તેના વખાણ કરે ત્યારે થાય છે

**થોમસ** આલ્વા એડિસન-૨૦૦૩ સુધી તેમનું નામ દુનિયાના સૌથી વધારે પેટન્ટ ધરાવતા વ્યક્તિઓમાં મોખરે હતું. વીજળીનો બલ્બ, મોશન પિકચર ફોટોગ્રાફ્સ, ઈલેક્ટ્રિક વોટ રેકોર્ડર જેવી ઘણી શોધો એમના નામે ચઢી છે. થોમસ આલ્વા અડિસન એક શોધકની સાથે સાથે ચાલાક બિઝનેસમેન પણ હતા. આ એડિસનની જિંદગીમાં બનેલી ઘટના એમના દીકરા ચાર્લ્સ દ્વારા ૧૯૬૧માં રીડર્સ ડાઈજેસ્ટમાં પ્રકાશિત કરવામાં આવી છે.



એડિસનના જીવનમાં ૧૦મી ડિસેમ્બર-૧૯૧૪ની સાંજે એક ઘટના ઘટી. વેસ્ટ ઓરેન્જ ન્યુજર્સી ખાતેનું એનું સંકુલ એક જોરદાર ધડાકાથી ધ્રુજી ઉઠ્યું. લગભગ અડધોઅડધ સંકુલના ૧૦ જેટલાં બિલ્ડિંગ્સ આગની જ્વાળાઓમાં લપેટાઈ ગયાં. ફાયરટીમ પહોંચી ત્યાં સુધીમાં તો જાતજાતનાં કેમિકલ્સને કારણે બિલ્ડિંગમાંથી ઊઠતી ભયાનક આગની જ્વાળાઓ આકાશને આંબવા જાણે કે હોડ બકી રહી હતી. પોતાના પિતાની જિંદગીભરની મહેનત અને શોધખોળોને ભસ્મીભૂત થતી જોઈને દ્રવી ઉઠેલો એડિસનનો દીકરો એકીટશે આ અગ્નિકાંડને જોઈ રહેલા પિતા પાસે પહોંચ્યો. એડિસને લગભગ બાળક જેવા અવાજમાં દીકરાને કહ્યું, ‘‘જા તારી મા અને એના મિત્રોને લઈ આવ, તેમને જિંદગીમાં બીજીવાર આ પ્રકારની ભયંકર આગ જોવાનો મોકો નહીં મળે.’’

પિતાના વર્તનથી સહેજ નારાજ દીકરાને એડિસને કહ્યું, ‘‘કાંઈ વાંધો નહીં. આ આગમાં બળી જવાના કારણે ઘણા બધા નકામા કચરાનો આપોઆપ નિકાલ થઈ ગયો છે. સાથે સાથે આપણી ભૂલોનો પણ.’’

એ સાંજે એડિસને ન્યૂયોર્ક ટાઈમ્સને ઈન્ટરવ્યૂ આપતાં કહ્યું, ‘‘ભલે હું ૬૭ વરસની ઉંમર પસાર કરી ચૂક્યો છું. આવતીકાલે ફરી એકવાર બધું નવેસરથી શરૂ કરીશ.’’ એડિસન એના શબ્દોને વળગી રહ્યો. બીજા દિવસે ભસ્મીભૂત થઈ ગયેલ ફેક્ટરીને ફરી ઊભી કરવા કામે લાગ્યો. તેણે પોતાના એક પણ કર્મચારીને છૂટા કર્યાં નહીં.

જ્યારે એણે આખાય નુકસાનીનો અંદાજ કાઢ્યો ત્યારે એ નુકસાન ૯,૧૯,૭૮૮ ડોલર જેટલું થઈ ગયું હતું જે આજની કિંમતે ૨.૩ અબજ ડોલર થાય. આગને કારણે અત્યંત અમૂલ્ય એવા કેટલાય વરસોના રેકોર્ડ્સ, પ્રોટોટાઈપ નાશ પામ્યા હતા. એડિસન પાસે જે વીમો હતો તે ત્રીજા

ભાગનું નુકસાન પૂરવા માટે પણ સક્ષમ નહોતો. એનો મિત્ર હેનરી ફોર્ડ મદદે આવ્યો. એણે ૭.૫ લાખ ડોલરની લોન આપી.

આ બધાને પરિણામે માત્ર ત્રણ અઠવાડિયામાં એડિસનની ફેક્ટરી ફરીથી ધમધમતી થઈ એટલું જ નહીં એના કર્મચારીઓએ બે શિફ્ટમાં કામ કર્યું અને ભૂતકાળમાં ક્યારેય નહોતું થયું એટલું ઉત્પાદન થવા માંડ્યું. એડિસન અને તેની ટીમે ૧૯૧૮માં આ બધાને કારણે એક કરોડ ડોલરનો વિક્રમી નફો કર્યો.

ગ્રીક સંસ્કૃતિમાં 'Stoicis' શબ્દ એવા વ્યક્તિઓ માટે વપરાય છે કે જે બીકને ડહાપણમાં, દર્દને બદલાવની પ્રક્રિયામાં, ભૂલોને નવસર્જનમાં અને નિરાશાને મક્કમ નિર્ધારમાં પલટાવી શકે. આપણે આ પ્રકારના વ્યક્તિત્વ માટે સ્થિતપ્રજ્ઞ શબ્દ વાપરીએ છીએ. કોઈ પણ પ્રકારની મુશ્કેલી અથવા ટ્રેજેડીની ઘટના ઘટે ત્યારે સૌથી પહેલી પ્રતિક્રિયા એને સ્થિતપ્રજ્ઞની દૃષ્ટિથી જોવાની અને ત્યારબાદ પેલા 'Stoicis' ની માપક આપત્તિને અવસરમાં પલટાવવા બમણા જોરથી કામે લાગવાની જરુરિયાતનો નિર્દેશ કરે છે. એડિસને આ કર્યું.

અમેરિકાના પ્રેસિડન્ટ વુડ્રો વિલસન અને જ્યોર્જ ઈસ્ટમેન જેવી પ્રતિભાઓ દ્વારા કટોકટીના સમયે એને પ્રોત્સાહન આપતા સંદેશા મળ્યા. પણ માણસની સાચી કદર તો એનો હરીફ કે કટ્ટર પ્રતિસ્પર્ધી જ્યારે તેના વખાણ કરે ત્યારે થાય છે. એના જેવો જ બીજો એક સંશોધક અને ધંધાદારી નિકોલા ટેસ્લા, જેના માનમાં ૧૯૬૦માં જનરલ કોન્ફરન્સ ઓન વેઈટ્સ એન્ડ મેઝર્સ દ્વારા મેગ્નેટિક ફલકસ ડેન્સિટીના માયકને ટેસ્લા નામ આપવામાં આવ્યું, તે થોમસ એડિસનનો કટ્ટર ટીકાકાર તરીકે જાણીતો હતો. તેણે જે સંદેશો મોકલ્યો તે આ મુજબ હતો, ''આ તારું અંગત નુકસાન નથી, એ માત્ર રાષ્ટ્રીય નુકસાન પણ નથી. સમગ્ર વિશ્વને આનાથી નુકસાન થયું છે, તારા સંશોધનોને કારણે આખી દુનિયાને બહુ મોટો લાભ મળ્યો છે.'' આથી વધારે તમારો ટીકાકાર તમને કઈ રીતે બિરદાવી શકે ?

ભસ્મિભૂત ફેક્ટરીને પુનઃધબકતી કરવામાં જબરજસ્ત પ્રતિબદ્ધતા અને આત્મવિશ્વાસનો પડઘો એક વિશિષ્ટ પ્રશંસા એટલા માટે માગી લે છે આ ટ્રેજેડી એડિસન ૬૭ વરસ વટાવી ચૂક્યા હતા ત્યારે બની. આ એ ઉંમર છે જ્યારે માણસ નિવૃત્ત થઈને શાંતિથી જીવવાનાં સ્વપ્ના જુએ. આ એ ઉંમર છે જ્યારે આ પ્રકારની ઘટના ભલભલાની હિંમત તોડી પાડે પણ એડિસનના મનમાં કદાચ પરિસ્થિતિ સાથે બાથ ભીડતાં મરીઝ સાહેબની નીચેની પંક્તિઓ ગુંજતી હશે. ■

**''કહો દુશ્મનને દરિયાની જેમ હું પાછો જરૂર આવીશ,**
**એ મારી ઓટ જોઇને કિનારે ઘર બનાવે છે.''**






# કર્ણાટકમાં કોંગ્રેસ સરકારની છત્રછાયામાં મહિલાઓની આઝાદીની 'ફ્રી ટિકિટ'

## 'શક્તિ યોજના' શરૂ થયાના એક મહિના બાદ આ યોજના કર્ણાટકમાં સહુ કોઇના આકર્ષણનું કેન્દ્ર બની છે, મહિલાઓએ કર્ણાટકના સરનામા સાથેનું એક સરકારી ઓળખપત્ર સાથે રાખવું ફરજિયાત છે

**એક** રિટેલ સ્ટોરમાં ૧૦ કલાકની શિફ્ટ કર્યા બાદ શશિકલા બેંગલુરુનાં શાંતિનગર બસ સ્ટેન્ડની એક બેંચ પર બેઠી છે. તે પોતાની બસની રાહ જોઈ રહી છે જે તેને તેના ઘર જયનગર સુધી લઈ જાય છે. ત્યાં સુધી જવા માટે લગભગ રૂ.૩૦ ખર્ચ થાય છે, પરંતુ ૧૧ જૂનથી કર્ણાટકની કોંગ્રેસ સરકાર દ્વારા લોંચ કરવામાં આવેલી 'શક્તિ સ્કીમ'' હેઠળ શશિકલા આ અંતરને હવે સંપૂર્ણપણે વિના મૂલ્યે એટલે કે 'ફ્રી યાત્રા'ના માધ્યમ દ્વારા પૂર્ણ કરી રહી છે.

શશિકલાનું કહેવું છે કે, ''આ સ્કીમ કામકાજી અર્થાત નોકરી કરતી મહિલાઓ માટે અત્યંત લાભદાયક છે, કારણ કે અમારા નોકરીના સ્થળે જવા માટે અમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.'' એ જ રીતે ૩૬ વર્ષની ઈન્સ્યોરન્સ કંપનીની કર્મચારી ભાવના કે.નું કહેવું છે કે આ યોજનાનો પ્રસ્તાવ વયોવૃદ્ધો, વિદ્યાર્થીઓ અને ગરીબો માટે પણ અમલ કરવો જોઇએ. ભાવનાનું કહેવું છે કે, ''અમારે બધી વસ્તુઓ મફતમાં જોઈતી નથી.'' તેના પર હસતા તે આગળ જણાવે છે કે, ખુશીની વાત એ છે કે હવે તમામ મહિલાઓ વિના મૂલ્યે બસ યાત્રાનો લાભ ઉઠાવી રહી છે.''

સરકાર સંચાલિત નોન પ્રીમિયમ બસોમાં રાજ્યમાં વિના મૂલ્યે મહિલાઓ માટે બસ સેવા, પૂરી પાડતી 'શક્તિ યોજના' શરૂ થયાના એક મહિના બાદ આ યોજના કર્ણાટકમાં સહુ કોઈના આકર્ષણનું કેન્દ્ર બની છે. મહિલાઓએ કર્ણાટકના સરનામાં સાથેનું એક સરકારી ઓળખપત્ર સાથે રાખવું ફરજિયાત છે.

બીજી બાજુ સોશિયલ મીડિયા પર વિપક્ષો અને અન્ય ટીકાકારો દ્વારા આ 'શક્તિ યોજના'ની ખૂબ જ ટીકા કરવામાં આવી રહી છે. ભાજપનું કહેવું છે કે 'મફતમાં રેવડી'નું આ એક ઉદાહરણ છે, જેના કારણે સરકારી તિજોરી અને કરદાતાઓ પર બોજ પડશે. હસનની ૨૪




વર્ષની અંગાડીનું કહેવું છે કે તેના પરિણામે કરવેરામાં વધારો કરાશે. જ્યારે માણકીય કશ્યપનું કહેવું છે કે, તેનાથી જીડીપી નીચે ગગડશે. બંને યુવતીઓ વિના મૂલ્યે બસ યાત્રાનો લાભ તો ઉઠાવી જ રહી છે, પરંતુ બંને વિચારે છે કે આ યોજના જરૂરી ન હતી. પોતાના ચૂંટણી ઢંઢેરાની પાંચ ગેરંટીમાંથી એક 'શક્તિ સ્કીમ' હતી અને તેનો અમલ કરનાર શાસક કોંગ્રેસનું કહેવું છે કે- ''ભાજપા

વિપક્ષમાં રહીને લોકોને ભરમાવી રહી છે. દરરોજ બસ દ્વારા ૧.૧૦ કરોડ લોકો (અગાઉ આ સંખ્યા ૮૦ લાખ હતી) મુસાફરી કરી રહ્યાં છે અને તે પૈકી ૫૫ ટકા મહિલાઓ છે.'' એવું જણાવીને કર્ણાટકના પરિવહન પ્રધાન રામલિંગા રેડ્ડીનું કહેવું છે કે, ''૩ જુલાઈ સુધી ૧૨ કરોડ જેટલી મહિલાઓ આ યોજના હેઠળ વિનામૂલ્યે બસ સેવાનો લાભ ઉઠાવી ચૂકી છે.''

રામલિંગા રેડ્ડીએ વધુમાં જણાવ્યું હતું કે ખર્ચ વધવાના કારણે રાજય દ્વારા સંચાલિત ચાર પરિવહન નિગમોને આ ખર્ચ ભરપાઈ કરશે. એક અંદાજ અનુસાર તેનાથી રાજય પર પ્રતિ વર્ષ રૂ.૪૦૫૦ કરોડનો બોજ પડશે, પરંતુ કર્ણાટક સરકાર ૪૦૦૦ નવી બસો પણ ખરીદવા જઈ રહી છે અને તેથી આ ખર્ચનો આંકડો વધી જશે. હાલ રાજ્ય પાસે ૨૪,૦૦૦ બસો છે, પરંતુ રાજ્યની વસ્તીની માગને પહોંચી વળવા હજુ ૧૧,૦૦૦ વધુ બસોની જરૂર છે અને તેથી ભવિષ્યમાં અમે હજુ વધુ બસો ઉમેરીશું.'' એવું રેડ્ડીએ જણાવ્યું હતું. એઆઈસીસીના રિસર્ચ વિભાગના ચેરમેન રાજીવ ગૌડાનું કહેવું છે કે શ્રમ બળમાં ઓછી થતી જતી મહિલાઓની ભાગીદારીને વધારીને પ્રેરિત કરવા માટે આ યોજના એક સારો પ્રયાસ છે. ફ્રી બસ ચાલુ થતા વધુ રોજગારીની તકો ખુલ્લી મૂકશે અને ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે તે વધુ વિકલ્પો પૂરા પાડશે.

**મહિલાઓની આગેકૂચ :**

છેલ્લા કેટલાક વર્ષોથી મહિલાઓની શ્રમ બળમાં ઘટતી જતી ભાગીદારી ચિંતાનો વિષય છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (સીએમઆઈઆઈ)ના ડેટા દર્શાવે છે કે, ૨૦૨૨-૨૩માં લગભગ ૯૦ ટકા મહિલાઓ આ શ્રમ બળના (લેબર ફોર્સ) ભાગરૂપે ગયેલી, જ્યારે પુરુષોની ભાગીદારી ૬૬ ટકા જોવા મળી હતી. બીજી બાજુ સરકારી આંકડા દર્શાવે છે કે, શ્રમબળમાં મહિલાઓની ભાગીદારી ૨૦૨૦-૨૧માં માત્ર ૨૫ ટકા જ હતી. જ્યારે સીએમઆઈઈ (CMIE)ના ડેટા અનુસાર આ ભાગીદારી માત્ર ૯.૨ ટકા જ હતી, પરંતુ તે પણ પુરુષો માટેનો ભાગીદારીનો દર ઘણો નીચો ૫૭.૫ ટકા જ હતો.

એક અર્થશાસ્ત્રીએ એવી તાકિદ કરી છે કે ફ્રી પ્રવાસ અને શ્રમબળની ભાગીદારી વચ્ચે સીધો સંબંધ છે એવું કહેવું પડકારરૂપ છે. ''સેન્ટર ફોર બજેટ એન્ડ ગવર્નન્સ એકાઉન્ટેબિલિટી''ના જેન્ડર જસ્ટિસ શ્રુતિ અમ્બાસ્ટનું કહેવું છે કે, જ્યારે આ પ્રકારની નીતિઓને લાગે વળગે છે ત્યાં સુધી તે કેટલું સસ્તુ પડે છે તે પહેલાં નિર્ધારિત કરવું પડે છે. આ નીતિને કારણે શ્રમબળમાં મહિલાઓની ભાગીદારી અમુક ટકા વધી છે એવું કહેવું શક્ય નથી કે કોઈ ચોક્કસ મહિનો મહિલાઓ માટે સુરક્ષિત હતો એવું કહેવું શક્ય નથી કારણ કે આ પ્રકારના પાસાઓ વ્યાપક પરિબળોથી પ્રભાવિત હોય છે. બીજી બાજુ એવા પુરાવા પણ એ વાતને સમર્થન આપે છે કે, જાહેર પરિવહન મહિલાઓ માટે સુરક્ષિત નથી, જેનાથી મહિલાઓ પોતાના કાર્યસ્થળ સુધી જતા ખચકાટ અનુભવે છે.

''ઈનિશિયેટિવ ફોર વ્હોટ વર્ક્સ ટુ એડવાન્સ વિમેન એન્ડ ગર્લ્સ ઈન ધ ઈકોનોમી'' (IWWAGE) નું સંચાલન કરનાર ''ઈન્સ્ટિટ્યૂટ ફોર ફાઈનાન્શિયલ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ''ના સિનિયર રિસર્ચ ફેલો સુજાતા શ્રીનિવાસનનું કહેવું છે કે, ભારતભરમાં અભ્યાસો પરથી એવું ફલિત થયું છે કે, શ્રમ બળમાં મહિલાઓની ભાગીદારી નિર્ધારીત કરનાર બે મુખ્ય પરિબળો- ગતિશિલતા અને

## વિના મૂલ્યે બસ પ્રવાસ યોજના ઉડતી નજરે...

- યોજનાનો વાર્ષિક અંદાજિત ખર્ચ રૂ.૪૦૫૦ કરોડ.
- કર્ણાટકમાં સરેરાશ બસ પ્રવાસીઓની દૈનિક સંખ્યા ૮૪ લાખ.
- ૩ જુલાઈના રોજ બસ દ્વારા પ્રવાસ કરનાર પ્રવાસીઓની સંખ્યા ૧.૧૮ કરોડ.
- ૩ જુલાઈના રોજ બસ પ્રવાસ કરનાર મહિલા પ્રવાસીઓની સંખ્યા- ૬૭ લાખ.
- જુન-૧૧ થી ૩ જુલાઈ સુધી વિના મૂલ્યે બસ પ્રવાસ કરનાર મહિલા પ્રવાસીઓની સંખ્યા ૧૨.૩૭ કરોડ.
- પ્રવાસ કરનાર મહિલા બસ પ્રવાસીઓનું ટિકિટ મૂલ્ય રૂ.૨૯૫ કરોડ

સુરક્ષા છે. આમ શ્રમ દળમાં મહિલાઓની ભાગીદારીની વાત કરીએ તો મહિલાઓની સુરક્ષા સૌથી મોટો મુદ્દો છે. વિદ્યાર્થિનીઓને પણ આ વાત લાગુ પડે છે.

વર્લ્ડ બેંક ખાતેના અર્થશાસ્ત્રી ગિરિજા બોરકર દ્વારા હાથ ધરાયેલ ૨૦૧૮ના એક સંશોધન અભ્યાસ અનુસાર મહિલાઓ એ રૂટને વધુ પસંદ કરે છે જે તેમને માટે વધુ સુરક્ષિત હોય. દિલ્હી યુનિવર્સિટીના સર્વેક્ષણ પર આધારિત અભ્યાસમાં એવું બહાર આવ્યું છે કે, મહિલાઓ વધુ સુરક્ષિત અને સલામત રૂટ પર પુરુષો કરતા વાર્ષિક રૂ.૧૮,૦૦૦ ખર્ચવા તૈયાર છે અને આમ રોજગારની તકો અને બચત પર તેની અસર પડે છે. વૈશ્વિક અભ્યાસો બતાવે છે કે, મહિલાઓ પુરુષો કરતા અલગ રૂટ પસંદ કરે છે. જેનાથી તેમનો પ્રવાસ ખર્ચ વધી જાય છે.

મેજેસ્ટિક બસ ટર્મિનસથી યાત્રા કરનારી મરિયમ અને ઉરચામાનું કહેવું છે કે તે પોતાની બીમાર બહેનના ખબર અંતર પૂછવા માટે પોતાના ગામથી શહેર સુધી અત્યાર સુધીમાં ૧૫૦ કિ.મી.નો પ્રવાસ કરી ચૂકી છે. તેમનું કહેવું છે કે, જો 'શક્તિ સ્કીમ' ન હોત તો તેમને રૂ.૨૦૦ થી રૂ.૨૫૦ સુધી ટિકિટના વધુ નાણાં ચૂકવવા પડ્યા હોત. ઉરચામાનું કહેવું છે કે આ સ્કીમ સારી છે, પરંતુ તેની સાથે સાથે તેમને ભોજન માટે ચોખાની પણ જરૂર છે જે બાબત કોંગ્રેસના ઘોષણાપત્રમાં આપવામાં આવેલા બાંહેધરીના ભાગરૂપ હતી.

**શ્રેણીબદ્ધ અસરો :**

દિલ્હી, પંજાબ અને તમિલનાડુ બાદ વિનામૂલ્યે બસ પ્રવાસની યોજનાનો અમલ કરનાર કર્ણાટક ચોથું રાજ્ય છે. ઑક્ટોબર-૨૦૧૯માં દિલ્હીમાં આ યોજનાનાં અમલ બાદ એવા સ્પષ્ટ પૂરાવા મળ્યા છે કે કામકાજ માટે પ્રવાસની સરેરાશ ખેપમાં મહદઅંશે વધારો થયો છે.

તમિલનાડુમાં પણ મે-૨૦૨૧માં 'મહિલાઓ માટે 'ઝીરો-ટિકિટ બસ ટ્રાવેલ સ્કીમ'ના અમલીકરણ બાદ બસ પ્રવાસના પ્રમાણમાં વધારો થયો છે, એવું આઈઆઈટી મદ્રાસના પરિવહન વિભાગના એસો. પ્રોફેસર ગીતાક્રિષ્નન રામદુરાઈએ જણાવ્યું હતું.

આ યોજનાઓના વ્યાપક પ્રભાવ અંગેના પુરાવાનો હજુ અભ્યાસ હાથ ધરાઈ રહ્યો છે ત્યારે તામિલનાડુના રાજ્ય યોજના આયોગના જુન-૨૦૨૨ના અભ્યાસ અહેવાલ અનુસાર 'ઝીરો-ટિકિટ સ્કીમ'નો ઉપયોગ કરનાર તામિલનાડુ મહિલાઓએ દર મહિને રૂ.૮૬૦ બચાવ્યા છે જે કેટલીક મહિલાઓઓની આવકના ૮-૧૨ ટકા છે. આ યોજનાનો લાભ લેનારી મહિલાઓમાં ૮૦ ટકા જેટલી મહિલાઓ અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગોની (ઓબીસી) હતી જે એ વાતનો નિર્દેશ આપે છે કે, આ પ્રકારની યોજનાઓ નિમ્ન સામાજિક-આર્થિક સ્તરની મહિલાઓઓ માટે સૌથી વધુ લાભદાયક હોય છે.

''સિટીઝન ફોર બેંગ્લુરુ''ના સંસ્થાપક તારા ક્રિશ્નાસ્વામીનું કહેવું છે કે, ''જ્યારે મહિલાઓની આવક વધે છે ત્યારે સ્વાભાવિક છે કે તેમણે તેનો પોતાના પરિવાર પાછળ ખર્ચ કરતી હોય છે. જેમ કે જે પૈસા બચે છે તેનો ઉપયોગ તેઓ પોતાના બે બાળકો પાછળ કરે છે. ''મહિલાઓ મંદિરે જવા માટે પણ ફ્રી બસ સેવાનો ઉપયોગ કરતી હોય તો પણ તેઓ ત્યાં જે પૈસા ખર્ચે છે તેનાથી અર્થતંત્રને મદદરૂપ થાય છે.'' ■

(સૌજન્ય : ઈન્દુલેખા અરવિંદ, ટાઈમ્સ ગ્રૂપ. કોમ)





# સ્વ. શ્રી અમરસિંહ ચૌધરીની

## જન્મજયંતિ નિમિત્તે

## શત્ શત્ વંદન

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

Published on every 5th and 20th every month




**આદરણીયશ્રી રાહુલ ગાંધી પર રાજકીય દ્વેષભાવ રાખી તેમના અવાજને દબાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા અમદાવાદ ખાતે ગાંધી આશ્રમ સામે ગાંધી ચિંધ્યા માર્ગે “મૌન સત્યાગ્રહ” યોજવામાં આવ્યો હતો.**

R.N.I. No. 70957/1998 Postal Registration No. GAMC/1720/2021-23 Valid upto 31-12-2023 issued by the SSPO'a Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 5th & 20th of every month. Editor, Publisher and Printer : Hasmukh Patel, Printed on Behalf of the Krut Sankalp Trust from Sankalp Prakashan, Nr. S.L.U. College, Kochrab, Ahmedabad - 380006 & Printers at Payal Printers Income Tax, Ashram Road, Ahmedabad - 380015.